ત્વરિત જાહેરાત માટે

# કમ્યુનિટી સેફ્ટી ઝોનમાં ઝડપ મર્યાદાનાં ઉલ્લંઘન માટે ઝીરો ટોલરન્સ

## *સિટી બ્રૅમ્પટન ખાતે પહેલ વહેલી ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટના અમલ માટે સૂચના ફલક ઊભું કરી રહ્યું છે*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (19 ડિસેમ્બર 2019) –આજે સવારે, મેયર પેટ્રિક બ્રાઉન, કાઉન્સિલર જેફ બૉમૅન, પીલ રિજનલ પોલિસ અને સિટીના કર્મચારીગણ રે લૉસન બૂલેવર્ડ અને ચેરીટ્રી ડ્રાઈવના ખૂણે સૂચના ફલકનું અનાવરણ કરવા માટે ભેગા થયા હતા જેથી સિટીની પહેલ વહેલી ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ (ASE) કરવામાં આવે.

ASE એક ઓટોમેટેડ સિસ્ટમ છે જે કેમેરા અને ગતિ માપન ઉપકરણનો ઉપયોગ કરે છે જેથી નિર્ધારિત વિસ્તારોમાં (આખા ઓન્ટારિયોમાં સ્કૂલ ઝોન અને કમ્યુનિટી સેફ્ટી ઝોન) ગતિ ઘટાડવામાં મદદ મળે. સૂચિત મર્યાદાથી વધુ ગતિએ ચાલતા વાહનોની તસ્વીરો ASE કેદ કરે છે અને નોંધે છે. આખા પ્રોવિન્સમાં ASEનું અમલીકરણ સ્થાનિક સમાજની સલામતી અને સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ખાસ કરીને બાળકો જેવા માર્ગોનાં નિર્બળ વપરાશકર્તાઓ માટે.

આવતા કેટલાક મહિનાઓમાં કર્મચારીગણ એ નિર્ધારિત કરવા કે બ્રૅમ્પટનમાં વધારાના ક્યા ઠેકાણે ભવિષ્યમાં ASE ઈન્સ્ટૉલ થશે, મેયર અને કાઉન્સિલરો સાથે મળીને કામ કરશે. અમલીકરણ યોજના સહિતનો સંપૂર્ણ અહેવાલ 2020નાં પૂર્વાર્ધમાં અપેક્ષિત છે.

ASE પ્રોગ્રામ બ્રૅમ્પટનનાં હેલ્ધી એન્ડ સેફ સિટીનું સમર્થન કરે છે: લોકો માટે માર્ગો (*Streets for People* ) ટર્મ ઓફ કાઉન્સિલ અગ્રિમતા છે જેમાં વિઝન ઝીરોના તત્ત્વો વણી લેવામાં આવ્યા છે જે એક એવી પ્રાદેશિક યોજના છે જેનું લક્ષ્ય રસ્તાની ડિઝાઈન, જાળવણી અને પ્રચાલન તેમજ વધારવામાં આવેલ લોક જાગૃતિ મારફત માર્ગ સુરક્ષા વધારવાનું છે.

**અવતરણ:**

"બ્રૅમ્પટન ખાતે ગતિ મર્યાદાના ઉલ્લંઘન અંગે અમારી ઝીરો ટોલરન્સ છે. ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ એવા ઘણા માર્ગો પૈકી એક છે જેના પર અમે વાહન અકસ્માતો ઘટાડવા અને આપણાં સમુદાયોમાં સુરક્ષા વધારવા માટે અમે કામ કરી રહ્યા છીએ, ખાસ કરીને સ્કૂલ ઝોન્સમાં. આ નૂતન વર્ષમાં આ કાર્ય ચાલુ રાખવા હું આતુર છું."

- મેયર પેટ્રિક બ્રાઉન (*Mayor Patrick Brown)*

“એવા કોઈ સ્થળે પ્રવાસ કરવો ઉચિત નથી જ્યાં ગતિ મર્યાદા ઉલ્લંઘન કરીને અન્ય લોકોની જાન જોખમમામ મૂકવી પડે. બ્રૅમ્પટનની નવી ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ રહેવાસીઓને તે યાદ અપાવવામાં મદદરૂપ ઠરશે કે તેઓએ ધીમા પડવાની જરૂર છે, યાતાયાતનાં નિયમોનું પાલન કરવાનું છે, અને આસપાસનાં અન્ય લોકો જેઓ જગ્યાનો ઉપયોગ કરતા હોય તેઓનો આદર કરવાનો છે."

- સિટી કાઉન્સિલર જેફ બોમૅન, વૉર્ડ 3 અને 4

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca